# કુલસચિવશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

**વંચાણે લીધો :** સરકારશ્રીના, ડેપ્યુટી સેક્રેટરી, ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૭/૦૧/૨૦૨૧ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટ વોલ્યુમ નં. I-L માં પ્રસિધ્ધ થયેલ સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.30/03/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક:KHR/2021/ 27/LVD/10/ 2020/ 532316/ M(2)

## -:: પ રિ પ ત્ર ::-

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ/ યુનિટ/સબ-યુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીના વિવિધ સંશોધન/ વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો , કોલેજો હસ્તકના સંશોધન-વ-પ્રાયોગિક ફાર્મ વિગેરે ઉપર ખેતીલક્ષી સંશોધન / વિસ્તરણ શિક્ષણ અને અખતરાઓની કામગીરી માટે દૈનિક દરથી રોજમદાર શ્રમયોગીઓને રોકવામાં આવે છે અને તેઓને ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ હેઠળ ખેત વ્યવસાયમાં રોકાયેલ ખેત મજુરો માટે નક્કી કરેલ લઘુત્તમ વેતન દર ચુકવવામાં આવે છે.

ગુજરાત સરકારશ્રી તરફથી ઉપરોકત વંચાણે લીધેલ જાહેરનામાથી **ખેત વ્યવસાયમાં રોકાયેલ રોજમદાર શ્રમયોગીઓના દૈનિક લઘુત્તમ વેતન દર રૂ.૨૬૮/- (અંકે રૂપિયા બસો અડસઠ પુરા) તા.30/03/૨૦૨૧ થી અમલમાં આવે તે રીતે સુધારેલ છે. તેથી આ યુનિવર્સિટીના વિવિધ કેન્દ્રો ઉપર રોકવામાં આવેલ ખેત મજુરોના દૈનિક લઘુત્તમ વેતન દર રૂ.૨૬૮/- (અંકે રૂપિયા બસો અડસઠ પુરા) જાહેરનામાની તારીખ : 30/03/૨૦૨૧થી ચુકવવા આથી આદેશ કરવામાં આવે છે.**

પ્રસ્તુત પરિપત્ર યુનિવર્સિટી કામકાજના હિતમાં ફાઈલ ઉપર માન.કુલપતિશ્રીની મંજુરી મેળવી જારી કરવામાં આવે છે.

જા.નં.નકૃયુ/૨૭/એડીએમ.૩.૧/૭૭૭-૯/૨૦૨૧
નવસારી તા. ૨૭/૦૫/૨૦૨૧

કુલસચિવ

**નકલ સવિનય રવાના :**

૧. અત્રેની યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ.

૨. અત્રેની યુનિવર્સિટીના યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

૩. કુલપતિશ્રીના/કુલસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી તરફ.